રમઝાન મહિનામાં પ્રખ્યાત સ્વિટ ડિશ સેવૈયા માટે સેવની બનાવટ

હાલમાં ઇસ્લામ ધર્મનો પવિત્ર મહિનો રમઝાન ચાલી રહ્યો છે ત્યારે આ સમય દરમિયાન પારંપરિક રીતે સૌથી વધુ સ્વિટ ડીશ તરીકે સૈવેયા ખવાય છે ત્યારે પ્રસ્તુત તસ્વીરમાં સેવ બનાવટની પ્રવૃત્તિ ચાલી રહી છે ત્યારે વિશ્વભરના ઇસ્લામ ધર્મના લોકો તેને મનાવી રહ્યા છે ત્યારે સેવ બનાવટનો વેપાર પણ ખૂબ ચાલે છે અને અનેક લોકોને રોજગારી પણ પૂરી પાડે છે. / એપી

ટ્રેન્ડ | નેચરલ ગેસમાં નવો કોન્ટ્રેક્ટ, એલટીપી બેઝડ સ્પ્રેડ ટ્રેડિંગ સુવિધા ઉપલબ્ધ

ક્રૂડમાં મજબૂતી, બિનલોહ ધાતુ નરમ

કપાસમાં નરમાઈનો માહોલ: એલચી, મેન્થા તેલમાં તેજી

ભાસ્કર ન્યૂઝ . મુંબઇ

વૈશ્વિક બજારોની મંદી સોના-ચાંદી તથા બિનલોહ ધાતુમાં ઘટાડાની ચાલ આગળ વધી છે. જ્યારે સારા વરસાદના કારણે એગ્રી કોમોડિટીમાં બે ધારી વધઘટ જોવા મળી રહી છે. એમસીએક્સ પર સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં ૧,૯૪,૨૮૨ સોદામાં રૂ.૮,૨૯૩.૧૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી અને બિનલોહ ધાતુઓના વાયદા એકંદરે ઢીલા રહ્યા હતા. એનર્જીમાં ક્રૂડ તેલમાં નોમિનલ સુધારો ભાવમાં જોવા મળ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન અને સીપીઓમાં બેતરફી ચાલ હતી, જ્યારે કપાસમાં નરમાઈનો માહોલ રહ્યો હતો. એલચી અને મેન્થા તેલમાં ઓલરાઉન્ડ તેજી રહી હતી. દરમિયાન, એક્સચેન્જે નેચરલ ગેસમાં સપ્ટેમ્બર-૨૦૧૫ કોન્ટ્રેક્ટ વાયદાનાં કામકાજ માટે શુક્રવાર, ૨૬ જૂનથી ઉપલબ્ધ બનાવ્યો હોવાની જાહેરાત એક પરિપત્ર મારફત કરી છે અને એ સાથે જ તેના એલટીપી બેઝડ સ્પ્રેડ ટ્રેડિંગ સુવિધા માટે નેચરલ ગેસ જુલાઈ-સપ્ટેમ્બર-૧૫ અને ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૫ના કોમ્બિનેશન્સમાં કોન્ટ્રેક્ટ્સ ઉપલબ્ધ બનાવ્યા છે.

કીમતી ધાતુઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬,૫૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૬,૬૧૪ અને નીચામાં રૂ.૨૬,૪૬૯ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ ઘટી રૂ.૨૬,૫૧૩ બંધ રહ્યો હતો. સોનાનો દૂર ડિલિવરી ઓક્ટોબર વાયદો રૂ.૨૭ ઘટી બંધમાં રૂ.૨૬,૭૩૭ના ભાવ હતા. ગોલ્ડ-પેટલ જૂન ૧ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૨,૬૨૮ અને ગોલ્ડ-ગિની જૂન ૮ ગ્રામદીઠ રૂ.૭૩ ઘટી રૂ.૨૧,૧૭૪ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કિલોદીઠ રૂ.૩૬,૩૧૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૪ ઘટી રૂ.૩૫,૯૯૮ રહ્યો હતો. ચાંદીનો દૂર ડિલિવરી મે-૧૬ વાયદો અપવાદ રૂ.૧૭ જેટલો સુધરી બંધમાં રૂ.૩૮,૮૬૯ના ભાવ હતા. બિનલોહ ધાતુઓમાં કિલોદીઠ તાંબુ જૂન વાયદો રૂ.૨.૪૫ ઘટી રૂ.૩૬૬.૩૦, નિકલ જૂન રૂ.૩.૬૦ ઘટી રૂ.૮૦૫.૮૦, એલ્યુમિનિયમ જૂન ૧૦ પૈસા ઢીલો રહી રૂ.૧૦૬.૭૫, સીસું જૂન ૧૦ પૈસા ઘટી રૂ.૧૧૨.૯૦ અને જસત જૂન ૩૫ પૈસા ઘટી રૂ.૧૨૯.૨૦ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો જુલાઈ વાયદો બેરલદીઠ રૂ.૩,૮૪૪ ખૂલી, ઉપરમાં રૂ.૩,૮૫૬ અને નીચામાં રૂ.૩,૮૨૩ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ સુધરી રૂ.૩,૮૩૨ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૧૬ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૨.૮૦ ઘટી રૂ.૮૯૫.૩૦ થયો હતો. કોટનમાં રૂ.૧૦થી રૂ.૧૦૦ની અને સીપીઓમાં ૮૦ પૈસાથી રૂ.૩.૪૦ની મિશ્ર વધઘટ ભાવમાં રહી હતી.

મ્યુ. ફંડની NFO માટે અત્યારસુધી 100 અરજી

નવી દિલ્હી : રિટેઇલ રોકાણકારોમાં મ્યુચ્યુઅલ ફંડ સ્કીમની વધતી માંગને ધ્યાનમાં રાખતા મ્યુચ્યુઅલ ફંડ હાઉસ દ્વારા ન્યુ ફંડ ઓફર્સ માટે સેબીમાં જમા કરાવેલા ડ્રાફ્ટ પેપર્સની સંખ્યા 100 થઈ ચૂકી છે. ચાલુ વર્ષની શરૂઆતથી જ સેબીમાં ડોક્યુમેન્ટ જમા કરાવવામાં આવ્યા છે. તેમાથી કેટલાક એનએફઓ માર્કેટમાં રજૂ થઈ ચૂક્યા છે જ્યારે અન્યને મંજૂરી મળ્યા બાદ સબસ્ક્રીપશન શરૂ કરવામાં આવશે. રોકાણકારોને એનએફઓ ઓફર કરતા ફંડ હાઉસોમાં યુટીઆઇ મ્યુચ્યુઅલ ફંડ, એક્સિસ મ્યુ.ફંડ, આઈસીઆઈસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુ.ફંડ, બિરલા સનલાઈફ અને એસબીઆઇ મ્યુ.ફંડ સામેલ છે. ઈક્વિટીમાં તેજીનો માહોલ છે.

ખોટ | કંપનીઓમાં બેન્કો-રોકાણકારોના લાખના બાર હજાર જેવો ઘાટ !!

દેવામાં માં ડૂબેલી ટોપ-20 કંપનીઓ

મહેશ ત્રિવેદી . અમદાવાદ

ઈક્વિટી સામે દેવાનો રેશિયો એ કંપનીની સધ્ધરતા ચકાસવાનું પહેલું શસ્ત્ર છે. છેલ્લા એક વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કેપિટલ ગુડ્સ સેક્ટરની સંખ્યાબંધ કંપનીઓનું દેવું વણસી રહ્યું છે. આવી કંપનીઓના શેર્સથી રોકાણકારો દૂર થઈ જતાં હોય છે. આવી કંપનીઓ દેવું હળવું કરવા પોતાના પ્રોજેક્ટ્સ પણ વેચતી હોય છે. બીજો રેશિયો છે ડેટ ટુ માર્કેટકેપ રેશિયો. રોશિયો એક થી ઉપર જાય ત્યારે કંપની તેની બજાર કિંમતથી વધુ દેવું ધરાવતી હોવાનો સંકેત આપે છે. આવી કંપનીઓને વધુ ફંડ મેળવવામાં પણ ફાંફા પડતા હોય છે. સાથે સાથે તેમના શેર્સની માર્કેટમાં સ્થિતિ નબળી પડતી જતી હોય છે. વેલ્યૂ રિસર્ચના એક અહેવાલે બીએસઈ-500 કંપનીઓનો ડેટ ટુ રેશિયો રેકોર્ડ લેવલે છે.

ટોપ-20 | કંપનીઓનો ભયજનક ઉંચી સપાટીએ ડેટ ટુ Mcap રેશિયો

કંપની	નેટવર્થ	દેવું	Mcap	D/Mcap
લાન્કો ઇન્ફ્રા.	1440	36705	1199	30.61%
ભૂષણ સ્ટીલ	9058	35224	1287	27.38%
આલોક ઇન્ડ.	3348	20012	986	20.29%
ગીતાંજલી જેમ્સ	3944	8484	435	19.5%
જીવીકે પાવર	2778	22613	1292	17.5%
જયપ્રકાશ એસો.	10074	73162	4305	16.99%
જયપ્રકાશ પાવર	6345	28066	2092	13.42%
એમટીએનએલ	5043	14216	1077	13.2%
આઇવીઆરસીએલ	1948	8334	650	12.83%
શ્રીરેણુકા સુગર	-498	9560	1056	9.05%
પૂંજ લોઇડ	2232	6862	812	8.45%
વિડિયોકોન ઇન્ડ.	4698	40212	5016	8.02%
ઓર્કીડ કેમિ.	380	3414	428	7.98%
કેએસકે એનર્જી	2873	15134	2025	7.48%
એબીજી શીપ	1376	5462	775	7.04%
બલ્લારપુર ઇન્ડ	2297	6144	911	6.74%
ઉષા માર્ટિન	1990	3732	576	6.48%
અબાન ઓફશોર	3846	14561	2312	6.3%
રેઇન ઇન્ડ.	2946	7673	1298	5.91%
જીએમઆર ઇન્ફ્રા.	6086	45041	7642	5.89%

(આંકડા રૂ. કરોડમાં)

દેવાના ડુંગર નીચે દટાયેલા શેર્સ

કંપની	1 જાન્યુ.	25 જૂન
લાન્કો ઇન્ફ્રા.	6.15	4.41
ભૂષણ સ્ટીલ	88.70	59.00
આલોક ઇન્ડ.	10.03	6.43
ગીતાંજલી જેમ્સ	53.30	39.05
જીવીકે પાવર	8.98	8.23
જયપ્રકાશ એસો.	25.10	11.70
જયપ્રકાશ પાવર	12.08	7.13
એમટીએનએલ	27.40	17.15
આઇવીઆરસીએલ	12.83	7.13
રેણુકા સુગર	15.35	10.39
પૂંજ લોયડ	37.30	24.60
વિડિયોકોન ઇન્ડ.	159.00	152.50
ઓર્કીડ કેમ.	65.05	60.85
કેએસકે એનર્જી	69.00	60.85
એબીજી શીપ	240.20	193.90
બલ્લારપુર ઇન્ડ.	15.55	12.54
ઉષા માર્ટીન	26.70	20.75
રેઇન ઇન્ડ.	43.85	37.45
જીએમઆર ઇન્ફ્રા.	17.10	15.21

સારા વરસાદ છતાં કોમોડિટીમાં ફરી ખેલાતી તેજીનો ખેલાતો જંગ

ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ

દેશભરમાં સારો વરસાદ છતાં એગ્રી કોમોટિડીમાં તેજીનો વરસાદ જોવા મળ્યો છે. આજે એનસીડેક્સ ધાન્ય ઈન્ડેક્સમાં વધારો નોંધાયો હતો. એનસીડેકસમાં ગુવારગમ, ગુવારસીડ૧૦, ખાંડમાં ૪ ટકાની ઉપલી સર્કિટ લાગી, જ્યારે હળદરમાં ૪ ટકાની નીચલી સર્કિટ લાગી. એનસીડેક્સ ખાતે આજે જવ, ચણા, મરચા, ધાણા, ગુવારગમ, ગુવારસીડ૧૦, સરસવના ભાવ વધ્યા હતા. જ્યારે બાજરા, એરંડા, ક્રુડતેલ, ગોલ્ડન્યુ, ગોલ્ડહેજ૧૦૦ ગ્રામ, ગોલ્ડહેજ, કપાસ, મકાઈ, જીરા, ચાંદી, સિલ્વરહેજ, ખાંડ, સોયાબિન, સોયાતેલ, હળદર, ઘઉંના ભાવ ઘટયા હતા. એનસીડેક્સ ખાતે આજે કપાસના વાયદામાં ૨૮ કરોડ, મકાઈમાં ૦૧ કરોડના વાયદા હતા.

એરંડામાં ૩૪૯ કરોડ, ખાંડના વાયદામાં ૪૧ કરોડના, સિલ્વરહેજમાં ૨૦ કરોડ, ગોલ્ડ ન્યુમાં ૨૯ કરોડના, ગોલ્ડહેજમાં ૪૪ કરોડના, ગુવારગમમાં ૨૬૪ કરોડના, ગુવારસીડ૧૦મા ૮૯૫ કરોડ, ચણાના ૧૧૮૦ કરોડ, ધાણા ૨૩૫ કરોડ, સોયાતેલમાં ૨૭૭ કરોડના વેપાર થયા હતા. દરમિયાન એનસીડેક્સ ખાતે સાંજે પ્રથમ સત્રનાં કારોબારને અંતે કુલ ૮૨૦૭૩ સોદામાં ૪૭૫૧ કરોડ રૂપિયાના વેપાર થયા હતા.

બુલીયનના વાયદામા ગોલ્ડ ન્યુ વાયદાના ભાવ રૂપિયા ૨૬૫૮૦ રૂપિયા ખૂલી ૨૬૫૦૧ રુપિયા, ગોલ્ડહેજ વાયદાના ભાવ રૂ.૨૪૦૮૨ ખૂલી રૂ.૨૩૯૯૨, સિલ્વરહેજ રૂ.૩૨૪૯૦ ખૂલીને રૂ.૩૨૨૪૩ પર બંધ રહયો હતો. આ અગાઊ બુધવારના કારોબારના અંતે એનસીડેક્સ ખાતે કુલ ૭૯૭૭૮ સોદામા ૪૭૮૭ કરોડ રૂપિયાના વેપાર થયા હતા. ક્રુડ તેલના વાયદામા' ૧૦૦ બેરલ, સિલ્વરહેજમા ૧૦૮૦૦ કિલોગ્રામ, ગોલ્ડહેજમા' ૨૩૨ કિલો, ગોલ્ડ ન્યુમા' ૧૪૦ કિલોગ્રામના, કપાસમા' ૧૯૪૩ લોટ, સોયાતેલમા' ૧૦૦૮૭૦ ટન, કપાસિયા ખોળમા' ૭૮૩૬૦ ટનના વાયદાના વેપાર થયા હતા. વાયદાના વ્યાપારમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે અને વાયદામાં મિશ્ર વલણ હતું.

IMPACT FEATURE **bazaar BUZZ**

અદાણી ગ્રુપ દ્વારા AIIનો પ્રારંભ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટના નિષ્ણાતો તૈયાર કરવાના ઉદ્દેશ સાથે અદાણી ગ્રુપ દ્વારા અદાણી ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ મેનેજમેન્ટ અને એન્જિનિયરીંગ પ્રોગ્રામ્સ ઓફર કરવામાં આવ્યાં છે. આ ઈન્સ્ટિટ્યુટને AICTEની મંજૂરી મળેલ છે તેમજ GTU સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

ફોક્સવેગનની નવી વેન્ટો લોન્ચ થઈ

તાજેતરમાં યુરોપની સૌથી ભવ્ય કાર ઉત્પાદક ફોક્સવેગને ઉત્તમ બનાવટની આધુનિક સેડાન નવી વેન્ટો લોન્ચ કરી છે. નવી વેન્ટો ચાર સિલિન્ડર એન્જિનની શ્રેણીમાં મળશે. જેમાં 1.6 એમપીઆઇ, 1.2 ટીએસઆઇ અને 1.5 ટીડીઆઇ પાવર પ્લાન્ટ્સનો સમાવેશ થાય છે. સુરક્ષાએ ફોક્સવેગન માટે સૌથી અગત્યની બાબત છે તેથી નવી વેન્ટોમાં એબીએસ, ઈએસપી અને હિલ-હોલ્ટ ફંકશન તેમજ ડ્યુઅલ ફ્રન્ટ એર-બેગ્સ આપવામાં આવી છે. નવી વેન્ટો વાર્ષિક ધિરાણ 9.99 ટકાના વ્યાજ દરે મળશે. આ ઓફર સીમિત સમયગાળા માટે જ લાગુ છે. નવી ફોક્સવેગન વેન્ટો છ રંગોમાં મળશે, જેમાં ટાઇટેનિયમ બીજ, કાર્બન સ્ટીલ, કેન્ડી વ્હાઇટ, ટોફી બ્રાઉન, નાઈટ બ્લુ અને રિફ્લેક્સ સિલ્વરનો સમાવેશ થાય છે.

ICAI વર્ષ ૨૦૧૫-૧૬ માટે હોદ્દેદારોની વરણી થઇ

ઈન્સ્ટિટયુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાના અમદાવાદ ચેપ્ટરમાં વર્ષ 2015-16 માટે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેમાં ચેરમેન વિનોદ સાવલીયા, વાઈસ ચેરમેન આશિષ ભાવસાર, સેક્રેટરી મનિષ અનલકટ, ટ્રેઝરર ઉત્કર્ષ યાજ્ઞીક તથા જોઈન્ટ ટ્રેઝરર હેતલ શાહ છે.

ડ્રગનો દુરુપયોગ અને ગેરકાયદે વેપાર વિરૂધ્ધનો આંતરરાષ્ટ્રીય દિવસ

૨૬ જુન, ૨૦૧૫

નાર્કોટીસ કંટ્રોલ બ્યુરો

ગૃહ બાબતોનું મંત્રાલય, ભારત સરકાર



राष्ट्रपति
भारत गणतंत्र
President
Republic of India

શ્રી પ્રણવ મુખરજી
ભારતના રાષ્ટ્રપતિ

મને એ વાત જાણીને ખુશી થાય છે કે ડ્રગનો દુરુપયોગ અને ગેરકાયદે વેપાર વિરૂધ્ધ ૨૬ જુન, ૨૦૧૫ ના રોજ વિશ્વ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરશે.

ડ્રગ નો દુરુપયોગ એ મનો-સામાજીક-તબીબી સમસ્યા છે. જે માટે સાકલ્યવાદી અભિગમ અને વ્યાપક ઉપચાર કાર્યક્રમની જરૂર છે. વ્યસનમાં સક્રિય વ્યક્તિને ડ્રગ મુક્ત, ગુનામુક્ત અને લાભપ્રદ રોજગારી આપી સમાજનો યોગ્ય સભ્ય બનાવવા ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ડ્રગનો દુરુપયોગ કરનારને નુકશાનકારક અસર સામે નિરંતર જાગૃતિ અને સતત ધ્યાન રાખવું તે પણ અગત્યનું છે. આના કારણે બહોળા સમાજ ઉપર તણાવ ઉભો થાય છે. તેને ખાળવા માટે મોટાપાયે સમાજની ભાગીદારી જોડવી જોઈએ. કાયદો લાગુ કરનાર સંસ્થાઓએ ડ્રગ્સનું સેવન કરનાર સામે સંવેદનશીલ બનવાની અને તેમને સમાજમાં પુનઃસ્થાપીત અને ફરીથી સંકલિત કરવાની જરૂર છે.

આ પ્રસંગે હું નાર્કોટીક કંટ્રોલ બ્યુરો અને અન્ય કાયદાનો અમલ કરાવતી એજન્સીઓને મારી શુભેચ્છા પાઠવું છું. હું તમામને ડ્રગના દુરુપયોગના પ્રશ્નને ઉમદા અને સંવેદનશીલ રીતે ઉકેલવા એક જુથ થવા વિનંતી કરું છું.

નવી દિલ્હી
૨૨ જુન, ૨૦૧૫ (પ્રણવ મુખરજી)

ડ્રગ્સના દુરૂપયોગ ના ચિન્હો

- અચાનક મુડમાં બદલાવ/ગુસ્સો, ભૂખ ન લાગવી
- તબક્કાવાર સુસ્તી અથવા અનિંદ્રા
- નોકરીમાં રસ ન રહેવો અથવા અન્ય પ્રવૃતિઓ કરવી
- નાણાં માટે માંગ વધવી/ચોરી
- ટેબલેટ, કેપ્સુલ્સ, સળગેલી કલાઈનો વરખ, સિગારેટ, સિરિંજ લેવું

માતા પિતા એ શું કરવું

- બાળકોની સંભાળ લેવી, તેઓ સાથે સમય ગાળવો
- બાળકોની પ્રવૃતિઓ અને તેના મિત્રોમાં રસ લેવો
- માદક પદાર્થ ના વ્યસન માંથી બહાર લાવવા. ડોકટરનો સંપર્ક કરવો.
- ડ્રગ્સનો દુરૂપયોગ નહીં કરી. પોતાનો દાખલો બેસાડવો

વિદ્યાથીઓએ શું કરવું

- સાથીઓના દબાવનો કાયમ વિરોધ કરવો, કાયમ ડ્રગ્સને ના પાડવી
  વિદ્યાર્થીનીઓએ રેવ પાર્ટીમાં કોઈપણ પીણું પીતા સમયે ડેર રેપ ડ્રગ્સ અંગે તકેદારી રાખવી.
  તમારી શાળા/કોલેજ આચાર્ય અથવા પોલીસને ડ્રગનો દુરૂપયોગ અથવા ગેરકાયદે વેપાર
- અંગે માહિતી આપવી.

प्रधान मंत्री
Prime Minister

શ્રી નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી

સંદેશ

ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદે વેપાર વિરુધ્ધ ૨૬ જુન, ૨૦૧૫ ના રોજ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી થઈ રહી હોવાનું જાણીને મને ખુશી થઈ રહી છે.

ડ્રગનો દુરુપયોગ એ આપના સમાજ ઉપર જોખમ અને આપણા અર્થતંત્રને નુકશાન કરે છે. ડ્રગનો ગેરકાયદે વેપાર, ત્રાસવાદ, ગેરવસુલી અને શહેરી ગુનાઓ તે આધુનિક સંસ્કૃતિ વિરુધ્ધ મોટી સલામતી સામેના ભય તરીકે ઉભર્યા છે. કેન્દ્ર સરકાર આ અભિશાપ સામે કડક હાથે કામ લેવા કૃતનિશ્ચયી છે. આ પ્રસંગે હું ભારતના પ્રજાજનો, ખાસ કરીને યુવાનોને ગેરકાયદેસર વેપાર અને ડ્રગનો દુરુપયોગ કરનાર સામે લડવા એકજુથ બનવા સલાહ આપું છું. હું આ મહત્વપૂર્ણ પ્રસંગે મારી સરકારની અડગ પ્રતિબધ્ધતા દોહરાવું છું.

નવી દિલ્હી
૨૪ જુન, ૨૦૧૫ (નરેન્દ્ર મોદી)

ડ્રગ્સ અને કાયદો

(નાર્કોટીકસ ડ્રગ્સ અને સાયકોટ્રોપીક સબસ્ટેન્સેસ એકટ, ૧૯૮૫)

ગેરકાયદે વેપાર સંબંધે નીચેના બંદારણીય ગુનાઓ:

- નાના જથ્થામાં સાથે રાખવાથી
- પરવાનગી વગર ડ્રગ્સનો પાક વાવવો.
- સંગ્રહ, વેચાણ અથવા ઉપભોગની પરવાનગી આપવી
- ગેરકાયદે ઉત્પાદન, વેચાણ, ખરીદી અને પરિવહન
- ડ્રગ્સનો વેપાર, તે બિનજામીન પાત્ર ગુનો (૨૦ વર્ષ સુધીની જેલ અને ૨ લાખ સુધીનો દંડ)
- વારંવાર ગુનો કરનાર માટે મૃત્યુ દંડ

ડ્રગના વેપાર અંગેની કોઈપણ માહિતી માટે નીચેના ટેલીફોન નંબર/ઇ-મેઇલ કરો

માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે અને સફળતા પૂર્વક ડ્રગ જપ્ત થશે તો માહિતી આપનારને યોગ્ય બદલો અપાશે.

એનસીબી ઓફીસીસ - ટેલીફોન નંબરો અને ઇ-મેઇલસ

દિલ્હી	011-2618 6283,	dzu-ncb@nic.in
મુંબઈ	022-22621593,	mzu-ncb@nic.in
કોલકતા	033-22891963,	kzu-ncb@nic.in
ચેન્નઇ	044-26821481,	szu-ncb@nic.in
ચંદીગઢ	0172-2780109	czu-ncb@nic.in
બેંગ્લુર	080-28478516	blzu-ncb@nic.in
અમદાવાદ	079- 27485488	azu-ncb@nic.in
જમ્મૂ	0191-2520 181	jmzu-ncb@nic.in
જોધપુર	0291-2710 082	jzu-ncb@nic.in
લખનઉ	0522-2339410	vzu-ncb@nic.in
ગુવહાટી	0361-2334378	ghtzu-ncb@nic.in
પટના	0612-2296106	pzu-ncb@nic.in

davp 19126/13/0001/1516